## વાલિયા તાલુકા પંચાયતના વિજેતા

| વોર્ડ નં | વોર્ડનું નામ | વિજેતા | પક્ષ | મત |
|---|---|---|---|---|
| 1 | ભમાડીયા | પીનલ પાટણવાડીયા | ભાજપ | 1693 |
| 2 | ડહેલી | પારુલ વસાવા | ભાજપ | 1557 |
| 3 | દેસાડ | પ્રકાશ વસાવા | ભાજપ | 2019 |
| 4 | ઘોળગામ | દિવ્યા વસાવા | આપ | 2012 |
| 5 | દોલતપુર | તારા વસાવા | આપ | 1668 |
| 6 | ડુંગરી | હર્ષા વસાવા | આપ | 1533 |
| 7 | ગુંદીયા | બિપીન વસાવા | આપ | 1310 |
| 8 | જબુગામ | ક્રિષ્ણા વસાવા | આપ | 1479 |
| 9 | કોંઢ | વિનય વસાવા | આપ | 1401 |
| 10 | લુણા | વિનેશ વસાવા | આપ | 1058 |
| 11 | પઠાર | તારા વસાવા | આપ | 2389 |
| 12 | રૂઘા | હર્ષિદા ચૌધરી | આપ | 1632 |
| 13 | સોડગામ | કમલેશ વસાવા | ભાજપ | 1581 |
| 14 | વાલિયા-1 | રમીલા વસાવા | ભાજપ | 1120 |
| 15 | વાલિયા-2 | નિતા વસાવા | આપ | 1123 |
| 16 | વટારીયા | રાજુ વસાવા | આપ | 1659 |

## આમોદ તાલુકા પંચાયતના વિજેતા

| | | | | |
|---|---|---|---|---|
| 1 | આછોદ - 1 | રમેશભાઈ રાઠોડ | ભાજપ | 1294 |
| 2 | આછોદ - 2 | ઈકબાલ પટેલ (એસ.ટી.ડી.) | અપક્ષ | 855 |
| 3 | અનોર | નિર્મલાબેન સોલંકી | ભાજપ | 2146 |
| 4 | ભીમપુરા | મનહરભાઈ ગોહિલ | ભાજપ | 1523 |
| 5 | ચકલાદ | વિજયભાઇ પટણવાડિયા | ભાજપ | 1530 |
| 6 | દાંદા | કાજલબેન પટેલ | ભાજપ | 2066 |
| 7 | ઇખર - 1 | રાજદીપસિંહ દાયમા | ભાજપ | 1939 |
| 8 | ઇખર - 2 | અર્જુન વસાવા | કોંગ્રેસ | 1540 |
| 9 | કેરવાડા | નયનાબેન વસાવા | ભાજપ | 1302 |
| 10 | કોલવણા | કામિણીબેન રાઠોડ | કોંગ્રેસ | 1637 |
| 11 | કુરચણ | ધારા પટેલ | ભાજપ | 1600 |
| 12 | માતર | રેખાબેન પટેલ | ભાજપ | 1541 |
| 13 | પુરસા | ભુપેન્દ્રભાઈ ગોહીલ | ભાજપ | 2009 |
| 14 | રોજા ટંકારીયા | સવિતાબેન રાઠોડ | ભાજપ | 1471 |
| 15 | સમની | હિનાબેન રાઠોડ | ભાજપ | 1599 |
| 16 | સરભાણ | ચિંતનકુમાર પટેલ | કોંગ્રેસ | 1226 |

## નેત્રંગ તાલુકા પંચાયતમાં કોણ જિત્યું

| ક્રમ | બેઠક | વિજેતા | પક્ષ | મત |
|---|---|---|---|---|
| 1 | આંજોલી | દિનેશ વસાવા | ભાજપ | 1390 |
| 2 | બલદવા | મગન વસાવા | ભાજપ | 1137 |
| 3 | બિલોઠી | ગુણવંત વસાવા | આપ | 2255 |
| 4 | ડેબાર | દર્શના વસાવા | ભાજપ | 1445 |
| 5 | કાકડકુઇ | રમણ પરમાર | ભાજપ | 2150 |
| 6 | કંબોડીયા | કુંજલ વસાવા | ભાજપ | 1454 |
| 7 | કાંટીપાડા | રમીલા વસાવા | આપ | 1910 |
| 8 | ખરેઠા | ગંગા વસાવા | આપ | 2469 |
| 9 | કોયલીમાંડવી | રેવાદાસ વસાવા | આપ | 1707 |
| 10 | મોટાજાંબુડા | પ્રિયંકાબેનવસાવા | આપ | 1900 |
| 11 | મોટામાલપોર | અશ્વિનભાઈવસાવા | આપ | 2258 |
| 12 | મૌઝા | ગીતા વસાવા | આપ | 1884 |
| 13 | નેત્રંગ-1 | કમળા વસાવા | ભાજપ | 1168 |
| 14 | નેત્રંગ-2 | નયના પ્રજાપતિ | કોંગ્રેસ | 1221 |
| 15 | શણકોઇ | દક્ષા વસાવા | આપ | 1684 |
| 16 | ઝરણા | સરલા વસાવા | ભાજપ | 1590 |

## હાંસોટ તા.પં.ની વિવિધ બેઠકના વિજેતા

| | | | | |
|---|---|---|---|---|
| 1 | ઘમરાડ -1 | કીર્તીબેન પટેલ | ભાજપ | 1764 |
| 2 | દિગસ -2 | નિરમાબેન પટેલ | ભાજપ | 1171 |
| 3 | હાંસોટ-1 | સુમિત્રાબેન વસાવા | ભાજપ | 1532 |
| 4 | હાંસોટ-2 | પાર્વતીબેન વસાવા | કોંગ્રેસ | 1430 |
| 5 | ઇલાવ | નટવરભાઈ પરમાર | ભાજપ | 1572 |
| 6 | કાંટાસાયણ | બળવંતસિંહ પટેલ | ભાજપ | 1901 |
| 7 | કંટીયાજાલ | રાકેશભાઈ પટેલ | ભાજપ | 1580 |
| 8 | કતપોર | જતીનકુમાર પટેલ | ભાજપ | 1951 |
| 9 | ખરચ-1 | અરૂણભાઇ વસાવા | ભાજપ | 792 |
| 10 | ખરચ -2 | સ્મિતાબેન વસાવા | ભાજપ | 1082 |
| 11 | ઓભા | માયાબહેન પટેલ | ભાજપ | 1350 |
| 12 | પંડવાઇ | હંસાબેન વસાવા | કોંગ્રેસ | 1126 |
| 13 | સુણેવકલ્લા | શશીકલા પટેલ | ભાજપ | 1422 |
| 14 | સુણેવખુર્દ | હીનાબેન પટેલ | ભાજપ | 1623 |
| 15 | ઉતરાજ | વિશાલકુમાર પટેલ | ભાજપ | 1499 |
| 16 | વાલનેર | ધનરાજસિંહ પટેલ | કોંગ્રેસ | 1442 |

# આમોદ પાલિકા ચૂંટણીમાં કોંગ્રેસે 15 બેઠક મેળવી

આમોદ, ભરૂચ: આમોદ નગરપાલિકાની 24 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી સત્તા આંચકી લેતા મોટી સફળતા મેળવી છે. કોંગ્રેસે 15 બેઠક પર વિજય હાંસલ કર્યો છે, જ્યારે ભાજપ 8 બેઠકોથી સંતોષ માનવાનો વારો આવ્યો છે. વધુમાં એક અપક્ષ મહિલા ઉમેદવાર વિજેતા બન્યા છે. વોર્ડ નંબર 1માં કોંગ્રેસે ચારેય બેઠકો મેળવી હતી. પાલિકાના બંને પૂર્વ પ્રમુખો વચ્ચે સીધો જંગ ખેલાયો હતો, જેમાં કોંગ્રેસના સાજીદઅલી રાણા વિજેતા બન્યા, જ્યારે ભાજપના જશુભાઈ રાઠોડનો કારમો પરાજય થયો હતો.વોર્ડ નંબર 2: કોંગ્રેસે ત્રણ બેઠકો જીતી, જ્યારે ભાજપની દક્ષાબેન પટેલે એક બેઠક મેળવી હતી. વોર્ડ નંબર 3: ભાજપે જંગી બહુમતી સાથે ચારેય બેઠકો પર કબજો જમાવ્યો હતો. અને વોર્ડ નંબર 4: ભાજપના ગઢમાં ગાબડું પાડતા કોંગ્રેસ પ્રેરિત અપક્ષ ઉમેદવાર મેહમુદા ઇસ્માઇલ ખત્રી વિજેતા બન્યા. ભાજપે અહીં ત્રણ બેઠક મેળવી હતી. વોર્ડ નંબર 5 અને 6: બંને વોર્ડમાં કોંગ્રેસે ચાર-ચાર બેઠકો જીતી જંગી વિજય નોંધાવ્યો હતો.

# અંકલેશ્વરમાં પાલિકામાં ભાજપે પુન: સત્તાનાં સૂત્રો હાંસલ કર્યાં

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકામાં ભાજપે પુન: એકવાર સત્તાનાં સૂત્રો હાંસલ કર્યા હતા. કુલ ૩૬ બેઠક પૈકી ભાજપે ૨૫ બેઠક હાંસલ કરી હતી. જ્યારે કોંગ્રેસે 11 બેઠક કબજે કરી હતી. કોંગ્રેસે ગત ચૂંટણી કરતા ૭ બેઠક વધુ પ્રાપ્ત કરી હતી.





# ભરૂચ પાલિકામાં ભાજપ રાજ કરશે

**AIMIMએ** 4 બેઠકવાળી આખી પેનલ અર્જિત કરી કોંગ્રેસને ફટકો આપ્યો

**ભરૂચ** પાલિકામાં ભાજપે 29 અને કોંગ્રેસે 10 સીટ મેળવી

ભરૂચ: ભરૂચ નગરપાલિકાની 11 વોર્ડની કુલ 44 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના ઐતિહાસિક અને અત્યંત રસાકસીભર્યા પરિણામો જાહેર થતાં જ શહેરના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે. પોલીટેકનિક કોલેજ ખાતે ભરૂચની જનતાએ પોતાનો સ્પષ્ટ ચુકાદો આપી દીધો છે. આ ચૂંટણીમાં ભાજપે 65.91 ટકા હિસ્સા સાથે 29 બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ 22.73 ટકા હિસ્સા સાથે 10 બેઠકો પર રહી ગઈ છે. સૌથી ચોંકાવનારો આંકડો AIMIM નો છે જેણે 9.09 ટકા હિસ્સા સાથે 4 બેઠકો મેળવી છે અને 2.27 ટકા સાથે 1 બેઠક અપક્ષના ફાળે ગઈ છે.

વિકાસના મુદ્દે મેદાનમાં ઉતરેલી ભાજપે ભરૂચ નગરપાલિકામાં પોતાનો દબદબો યથાવત રાખતા સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. ગત ટર્મની સરખામણીમાં પક્ષને 2 બેઠકોનું નુકસાન વેઠવું પડ્યું હોવા છતાં, ભાજપના ગઢ ગણાતા વોર્ડ 3થી 7 માં સતત પેનલ વિજેતા થતાં કેસરિયા છાવણીમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો. પૂર્વ પ્રમુખો વિભૂતિબા યાદવ, સુરભિબેન તમાકુવાલા અને કારોબારી ચેરમેન હેમેન્દ્ર પ્રજાપતિ જેવા દિગ્ગજ નેતાઓ ફરી એકવાર ચૂંટાઈ આવતા કાર્યકરોએ વિજયના નારા લગાવી વાતાવરણ ગજવી દીધું હતું. અંતિમ ચરણમાં વોર્ડ 11 માં પણ ભાજપના ચિરાગ ભટ્ટ, ગણેશ કાયસ્થ, સ્વાતિ જાદવ અને કાજોલ વસાવાની પેનલ વિજેતા બનતા કોંગ્રેસની ગાબડું પાડવાની કોશિશ નિષ્ફળ રહી હતી.

આ ચૂંટણીમાં મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસે પોતાના પરંપરાગત ગઢ ગણાતા વોર્ડ 1 અને 2 માં ઉમેદવારોને વિજય અપાવ્યો હતો. વોર્ડ 1 માં એક ભાજપે એક ડ્રાઈવરને ટિકિટ આપી હતી. જેને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ 'ચૂંટણી જીતીને વોર્ડનું ડ્રાઈવિંગ કરો' તેવા આશીર્વાદ મેળવનાર આસીફ સોલંકીની કારમી હાર થઈ હતી. જો કે, કોંગ્રેસ માટે વિવાદિત બનેલી વોર્ડ-1 ની બેઠકમાં વિવાદમાં ઘેરાયેલ સમસાદ અલી સૈયદ જંગી મતોથી જીતતા કોંગ્રેસે આ વોર્ડની તમામ બેઠકો કબ્જે કરી હતી.

ભરૂચ પાલિકાના રાજકારણમાં આ વખતની ચૂંટણી સૌથી યાદગાર બની રહેશે, કારણ કે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM એ પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે. વોર્ડ 10માં AIMIMની આખી પેનલના ચારેય ઉમેદવારો વિજયી થયાં છે. 4 બેઠક પર કબજો જમાવીને AIMIM એ ખાસ કરીને કોંગ્રેસની મતબેંકમાં મોટું ગાબડું પાડ્યું છે. વોર્ડ 8 પરિણામના દિવસે પણ કેન્દ્રમાં રહ્યો હતો. ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થઈને કોંગ્રેસનો પંજો પકડનાર પૂર્વ પાલિકા પ્રમુખ જીગ્નેશ બ્રહ્મભટ્ટ અને તેમના પેનલના મહિલા ઉમેદવાર દિનાબેન ખુમાણ વિજયી થતાં ભાજપની પેનલ તૂટી હતી. જો કે, આ જ વોર્ડમાં ભાજપના ધનજી ગોહિલ અને ભાવિશા રાણા પોતાની બેઠક બચાવવામાં સફળ રહ્યા હતા. બીજી તરફ વોર્ડ 9 માં અપક્ષ ઉમેદવાર સતિષ મિસ્ત્રીએ ભાજપની પેનલને જોરદાર ટક્કર આપીને સતત 7 મી વખત વિજયનો તાજ પહેરીને પોતાનો દબદબો સાબિત કર્યો છે.

## પાલેજ બેઠક પદ કોંગ્રેસ ઉમેદવારનો 1 મતે વિજય, સમર્થકોમાં ઉત્સાહ છવાયો

ભરૂચ: લોકશાહીમાં મતદારોનો એક-એક મત કેટલો કીમતી હોઈ શકે છે તેનું ઉદાહરણ ભરૂચ તાલુકા પંચાયતની પાલેજ બેઠક પર જોવા મળ્યું હતું. અહીં કોંગ્રેસના ઉમેદવાર મોહસીન પઠાણ માત્ર એક મતના તફાવતે વિજેતા જાહેર થયા છે. મત ગણતરી દરમિયાન રસાકસી જોવા મળી હતી, ત્યારબાદ રિ-કાઉન્ટિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ખબર પડી કે મોહસીન પઠાણને તેમના હરીફ કરતાં એક મત વધુ મળ્યો છે, જેના પરિણામે તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. આ સાંકડી જીત બાદ સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ઘટના સાબિત કરે છે કે લોકશાહીમાં દરેક મતનું મહત્ત્વ હોય છે.

# નર્મદા જિલ્લા પંચાયતમાં આપનો કિલ્લો: 20માંથી 14 સીટ પર કબજો

**ડેડિયાપાડા** તાલુકા પંચાયત સહિત નર્મદા જિલ્લાની 4 તાલુકા પંચાયત અંકે



દીપલ સોની

ડેડિયાપાડા, સાગબારા, રાજપીપળા: નર્મદા જિલ્લા પંચાયતની 22 પૈકી 20 બેઠક માટેના પરિણામ મંગળવારે જાહેર થતાં જ રાજકીય ભૂકંપ સર્જાયો છે. આમ આદમી પાર્ટી (AAP)એ 14 બેઠક પર વિજય મેળવીને જિલ્લા પંચાયત પર સત્તા હાંસલ કરી લીધી છે. જ્યારે ભાજપને માત્ર 7 બેઠકથી સંતોષ માનવો પડ્યો છે. આ પરિણામ સાથે જ આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી નર્મદા જિલ્લા પંચાયત છીનવી લીધી છે. પાર્ટી માટે આ ઐતિહાસિક સફળતા માનવામાં આવી રહી છે.

ડેડિયાપાડા પંચાયતની તમામ પાંચ બેઠકો પર પણ આમ આદમી પાર્ટીએ કબજો જમાવ્યો છે. આ બેઠકોમાં ડેડિયાપાડા-1, ડેડિયાપાડા-2, મોરજડી, માલ સામોટ અને મંડાળાનો સમાવેશ થાય છે. ડેડિયાપાડામાં AAPની સાફ સફાઈએ પાર્ટીના ગ્રાસરૂટ સંગઠનની મજબૂતી દર્શાવીને નવી એન્ટ્રી કરવામાં આવી છે. સાગબારા તાલુકા પંચાયતમાં કુલ 18માંથી 13 બેઠક AAP મેળવી લીધી છે. જ્યારે સાગબારા તાલુકામાં 4 જિલ્લા પંચાયતની બેઠકો પર તમામ બેઠકોએ AAP જીતીને સામેની પાર્ટીનાં સૂપડાં સાફ કર્યાં છે. નર્મદા જિલ્લામાં સાગબારા, ડેડિયાપાડા, ચીકદા અને ગરુડેશ્વર તાલુકામાં AAPએ કબજો જમાવ્યો છે. ભાજપ સરકારે બનાવેલા નવ નિર્મિત ચીકદા તાલુકા પંચાયતમાં ભાજપને માત્ર સમ ખાવા પડે એવી એક બેઠક મળી છે. જ્યાં AAPને 15 બેઠક મળીને સામેની પાર્ટીનું સ્ટીમ રોલર ફેરવી દીધું છે. આપના સ્થાનિક નેતાઓએ આ વિજયને જનતાનો સીધો આશીર્વાદરૂપ ગણાવ્યો છે. તો બીજી તરફ ભાજપના ઉમેદવારોની હાર સ્થાનિક રાજકારણમાં મોટો ફેરફાર સૂચવે છે. બાકીની 2 બેઠકોના પરિણામની રાહ જોવાઈ રહી છે.

## ભાજપાના ઉમેદવારે જાહેરમાં નોટો ઉડાવી

રાજપીપળા: રાજપીપળા ખાતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પરિણામો ધીમે ધીમે જાહેર થઈ રહ્યાં હતાં. જેમાં વિજેતાઓનાં સરઘસો ધીમે ધીમે રાજપીપળા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા લોક આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. ગામકૂવા તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર રૂપિયા 50ની નોટોની થપ્પી હાથમાં લઇ જાહેરમાં નોટોનો વરસાદ વરસાવતા નજરે પડ્યા હતા. 50ની નોટો ઉડાવતા લોકો એને લેવા માટે પાપડી કરતાં પણ જોવા મળ્યા હતા. ભાજપના આ વિજેતા ઉમેદવારે રૂપિયાનો વરસાદ વરસાવતાં લોકોમાં પણ આશ્ચર્ય સર્જાયું હતું

## આખા ગુજરાતમાં અમે બીજા નંબર પર આવ્યા, આ જનતાની જીત: ચૈતર વસાવા



દીપલ સોની

રાજપીપળા: ચૂંટણીના પરિણામો પર વાત કરતા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો આવ્યાં છે. આજે આમ આદમી પાર્ટીના જે પ્રતિનિધિઓની જીત થઈ છે એ હકીકતમાં સમગ્ર ગુજરાતની જનતાની જીત છે, આ જીતને અમે સહર્ષ સ્વીકારીએ છીએ. એક બાજુ ઘમંડ, પૈસા, દારૂ, પ્રલોભન, ધાકધમકી હતી અને બીજી બાજુ હક અધિકારની વાત હતી અને લોકશાહી જીવંત રાખવા તથા સંવિધાન બચાવવાની વાત હતી, ત્યારે આજે જનતાની જીત થઈ છે. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, કોઈના પણ ડરમાં આવ્યા વગર અને કોઈપણ પ્રકારના લોગ લાલચમાં આવ્યા વગર જનતાએ અમારા પર જે ભરોસો મૂક્યો છે, એના માટે અમે જનતાનો આભાર માનીએ છીએ અને આવનારા દિવસોમાં જનતાની સેવા માટે તત્પર રહીશું.

# ભાજપી ધારાસભ્યના કોંગ્રેસી ભાઈનો પરાજય

**અંકલેશ્વર,** હાંસોટ તા.પં. , જિ.પં. બેઠકો ઉપર ભાજપ જિત્યો

**અંકલેશ્વર** તા. પં.ની 24 બેઠક, જિ.પં.ની તમામ ૬ બેઠક કબજે, જ્યારે હાંસોટ તા.પં.ની 13 બેઠક, જિ.પં.ની બે બેઠક ઉપર કબજો

અંકલેશ્વર: અંકલેશ્વર જિલ્લા પંચાયતની તમામ 6 બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાતા વિપક્ષી છાવણીમાં સોપો પાડી દીધો હતો. ચૂંટણી અગાઉ જો કે એક બેઠક ભાજપને બિનહરીફ મળી ગઈ હતી. આજે અન્ય ૫ બેઠકની મત ગણતરીના અંતે તમામે તમામ 5 બેઠક પણ ભાજપના પક્ષે જતા ક્લીન સ્વીપ મળી હતી. ભાજપના ઉમેદવારોએ ભડકોદરા, દિવા, સંજાલી, અંદાડા તેમજ સારંગપુર જિલ્લા પંચાયત બેઠકો જીતી લીધી હતી. ચૂંટણી અગાઉ ગડખોલ જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપ બિન હરીફ વિજેતા નીવડી હતી.

તો બીજી તરફ અંકલેશ્વર તાલુકા પંચાયતની કુલ 26 બેઠક પૈકી અગાઉ ભાજપ 3 બેઠક બિનહરીફ વિજેતા નીવડી હતી. મત ગણતરીમાં ભાજપે અન્ય 21 બેઠક ઉપર જીત મેળવી હતી અને બેઠકોનો વિજય આંક 24 ઉપર પહોંચતાં પુનઃ એકવાર તાલુકા પંચાયત ઉપર કબજો મેળવ્યો હતો. જો કે, કોંગ્રેસના બે ઉમેદવાર પણ બે બેઠક ભડકોદરા-1 તેમજ ખરોડ બેઠક ઉપર વિજયી નીવડ્યા હતા.બીજી તરફ હાંસોટ તાલુકા પંચાયતમા પણ ભાજપનો ભગવો લહેરાયો હતો. કુલ 16 બેઠક પૈકી ભાજપે 13 બેઠક ઉપર કબજો મેળવ્યો હતો. જ્યારે કોંગ્રેસના ત્રણ ઉમેદવારે પણ વિજય મેળવ્યો હતો. તો હાંસોટની જિલ્લા પંચાયતની કુલ 2 બેઠક ઉપર ભાજપના ઉમેદવારોએ જીત મેળવી હતી. કોંગ્રેસના હાંસોટ જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર અને રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલના ભાઈ વલ્લભ પટેલનો પરાજય થતાં અપસેટ સર્જાયો હતો.

## ભરૂચ જિલ્લા પંચાયતના વિજેતા ઉમેદવાર

| ક્રમ | બેઠક | વિજેતા | પક્ષ | મત |
|---|---|---|---|---|
| 1. | આછોદ | મિનાક્ષી રાજ | ભાજપ | 10661 |
| 2. | અંદાડા | ગીતા વસાવા | ભાજપ | 12685 |
| 3. | ભાડભૂત | કર્મિશા પટેલ | ભાજપ | 8601 |
| 4. | ભડકોદ્રા | અજીત વસાવા | ભાજપ | 9679 |
| 5. | ભોલાવ | હેમલતા વસાવા | ભાજપ | 12416 |
| 6. | દહેજ | કુસુમ ગોહિલ | ભાજપ | 8908 |
| 7. | ડહેલી | સેવન્તુ વસાવા | ભાજપ | 7810 |
| 8. | દિવા | મીના પટેલ | ભાજપ | 13685 |
| 9. | દેવલા | સવિતા રાઠોડ | કોંગ્રેસ | 9449 |
| 10. | ધારોલી | નર્મદા વસાવા | | 10690 |
| 11. | ગડખોલ | જયેશ આહીર | ભાજપ | બિન હરીફ |
| 12. | હાંસોટ | મગન પટેલ | ભાજપ | 11655 |
| 13. | ઇખર | વિમલ પટેલ | ભાજપ | 11 876 |
| 14. | ઝાડેશ્વર | વિપુલ પટેલ | ભાજપ | 8473 |
| 15. | કહાનવા | દિનેશ રોહિત | ભાજપ | 13404 |
| 16. | કાંટીપાડા | મનીષા વસાવા | આપ | 10678 |
| 17. | કાવી | કિરપાલસિંહ સિંધા | ભાજપ | 10446 |
| 18. | ખરચ | અનસુયા પટેલ | ભાજપ | 10149 |
| 19. | મૌઝા | અનીલ વસાવા | આપ | 9526 |
| 20. | નબીપુર | યતીન પટેલ | ભાજપ | 12202 |
| 21 | નેત્રંગ | ગૌતમ | વસાવા | 7526 |
| 22. | પાલેજ | ભાવના વસાવા | કોંગ્રેસ | 9514 |
| 23. | પઠાર | જશીલા વસાવા | આપ | 9035 |
| 24. | રાજપારડી | ડીમ્પલ રાજ | ભાજપ | 12535 |
| 25. | સંજાલી | પ્રવિણ પટેલ | ભાજપ | 9001 |
| 26. | સારંગપુર | કુસુમ વસાવા | ભાજપ | 7497 |
| 27. | શેરપુરા | રૂક્સાના બોરડીવાલા | કોંગ્રેસ | 11096 |
| 28. | શુકલતીર્થ | જયરાજસિંહ પરમાર | ભાજપ | 11026 |
| 29. | સુલતાનપુરા | ધર્મેન્દ્રસિંહ પરમાર | ભાજપ | 9718 |
| 30. | વાઘપુરા દુ | ધર્મિષ્ઠા વાંસદિયા | | 13635 |
| 31. | વાગરા | શાહિનબાનુ રાજ | ભાજપ | 9241 |
| 32. | વાલીયા | રજનીકાંત વસાવા | આપ | 7345 |
| 33. | વેડચ | મહેશ રાઠોડ | ભાજપ | 11670 |
| 34. | વિલાયત | પાલસિંહ યાદવ | ભાજપ | 14115 |

## જંબુસર તા.પં.માં કોણ બાજી મારી ગયું

| | | | | |
|---|---|---|---|---|
| 1 | ભડકોદ્રા | નજીર ઉઘરાતદાર | કોંગ્રેસ | 1412 |
| 2 | ડાભા | હરીચંદ્ર પટેલ | ભાજપ | 1868 |
| 3 | દેવલા | ફઝીલાબાનુ રાજ | કોંગ્રેસ | 3194 |
| 4 | ગજેરા | મહેન્દ્રભાઈ પરમાર | ભાજપ | 2153 |
| 5 | જંત્રાણ | વંદનાબેન ઓડ | ભાજપ | 2257 |
| 6 | કહાનવા-1 | સરોજબેન સોલંકી | અપક્ષ | 1640 |
| 7 | કહાનવા-2 | રંજનબેન ગોહિલ | ભાજપ | 2685 |
| 8 | કનગામ | ગંભીરભાઇ મકવાણા | ભાજપ | 1665 |
| 9 | કારેલી | પ્રકાશભાઈ પઢિયાર | ભાજપ | 2000 |
| 10 | કાવા | કલ્પેશકુમાર ગોહિલ | ભાજપ | 2315 |
| 11 | કાવી-1 | મુમતાજબેન ભાણા | કોંગ્રેસ | 3124 |
| 12 | કાવી-2 | સોહિલ મલેક | આપ | 2073 |
| 13 | કાવલી | બાબરભાઇ રાઠોડ | ભાજપ | 2192 |
| 14 | ખાનપુર દેહ | અબ્દુલરશીદ પટેલ | કોંગ્રેસ | 2269 |
| 15 | મગણાદ | પ્રદિપસિંહ પરમાર | ભાજપ | 2333 |
| 16 | નાડા | હસુમતીબેન પઢિયાર | ભાજપ | 1760 |
| 17 | નોબાર | મીનાબેન વસાવા | ભાજપ | 1855 |
| 18 | સારોદ | મુસ્તાક કારભારી | કોંગ્રેસ | 1863 |
| 19 | સીગામ | કિરણબેન યાદવ | ભાજપ | 2787 |
| 20 | ટંકારી | ભૂમિકાબેન રાઠોડ | કોંગ્રેસ | 1549 |
| 21 | ઉચ્છદ | સપનાબેન પટેલ | ભાજપ | 2418 |
| 22 | વેડચ | સુશીલાબેન સોલંકી | ભાજપ | 2063 |

## અંકલેશ્વર તા.પં. બેઠકના વિજેતા

| | | | | |
|---|---|---|---|---|
| 1 | અંદાડા-1 | કિરીટકુમાર માસ્તર | ભાજપ | 2707 |
| 2 | અંદાડા-2 | રાજેશભાઈ વસાવા | ભાજપ | 2546 |
| 3 | ભડકોદ્રા-1 | અનિતાબેન વસાવા | કોંગ્રેસ | 2001 |
| 4 | ભડકોદ્રા-2 | મનોરંજન રાય | ભાજપ | 1558 |
| 5 | ભડકોદ્રા-3 | સુરજબેન વસાવા | ભાજપ | 1778 |
| 6 | બોરભાઠાબેટ | ચેતનાબેન પટેલ | ભાજપ | |
| 7 | દિવા-1 | અલ્પનાબેન પટેલ | ભાજપ | |
| 8 | દિવા-2 | યોગીતાબેન દેવધરા | ભાજપ | 2689 |
| 9 | દિવા-3 | વિવેકભાઈ ભરડીવાલા | ભાજપ | |
| 10 | ઘંતુરીયા | સુરેશભાઈ પટેલ | ભાજપ | 2936 |
| 11 | ગડખોલ-1 | જગદીશભાઈ વસાવા | ભાજપ | 2198 |
| 12 | ગડખોલ-2 | મનિષભાઈ વસાવા | ભાજપ | 1413 |
| 13 | ગડખોલ-3 | અવીનાશ વસાવા | ભાજપ | 1605 |
| 14 | જીતાલી | ઉર્મિલાબેન ભગત | ભાજપ | 1803 |
| 15 | ખરોડ | જેબુનનિશા કાપડિયા | કોંગ્રેસ | 1885 |
| 16 | કોસમડી-1 | નફીસા બોબાત | ભાજપ | 2163 |
| 17 | કોસમડી-2 | સુમનબેન વસાવા | ભાજપ | 2760 |
| 18 | માંડવાબુઝર્ગ | કરશનભાઈ પટેલ | ભાજપ | 3497 |
| 19 | પાનોલી | અબદુલ્લાહ હાટીયા | ભાજપ | 2228 |
| 20 | સજોદ | ભાવિકાબેન પટેલ | ભાજપ | 3414 |
| 21 | સક્કરપોર | રણજીતસિંહ વસાવા | ભાજપ | 3071 |
| 22 | સંજાલી | સુરેખાબેન વસાવા | ભાજપ | 1541 |
| 23 | સારંગપુર-1 | સુશીલાબેન વસાવા | ભાજપ | 1339 |
| 24 | સારંગપુર-2 | ઈન્દુબેન રાજ | ભાજપ | 1951 |
| 25 | સેંગપુર | સેજલસિંહ વાંસિયા | ભાજપ | 2192 |
| 26 | સીસોદરા | અરવિંદભાઈ પટેલ | ભાજપ | 3464 |

## ઝઘડિયા તાલુકા પંચાયતના વિજેતા

| | | | | |
|---|---|---|---|---|
| 1 | અણઘરા-1 | ઇશાબેન વાલંદ | આપ | 2233 |
| 2 | અવિધા-2 | અક્ષયકુમાર વસાવા | ભાજપ | 2349 |
| 3 | બામલ્લા-3 | નરેન્દ્રભાઇ પટેલ | ભાજપ | 2631 |
| 4 | ભાલોદ-4 | સુમિત્રાબેન માછી | ભાજપ | 2276 |
| 5 | ધારોલી-5 | જશવંતીબેન વસાવા | આપ | 1603 |
| 6 | ગોવાલી-6 | બિપીનભાઇ વસાવા | ભાજપ | 2673 |
| 7 | ઇન્દોર-7 | રાજેન્દ્રભાઇ રોહિત | ભાજપ | 2154 |
| 8 | ઝગડીયા-8 | વિનોદભાઇ વસાવા | ભાજપ | 2499 |
| 9 | કપલસાડી-9 | ગીતાબેન વસાવા | ભાજપ | 2117 |
| 10 | મોટાસોરવા-10 | કપીલાબેન વસાવા | ભાજપ | 2658 |
| 11 | પડાલ-11 | પાર્થકુમાર વસાવા | ભાજપ | 1722 |
| 12 | પડવાણીયા-12 | રોશનભાઇ સીંધી | આપ | 2091 |
| 13 | પાણેથા-13 | જશોદાબેન તડવી | ભાજપ | 2208 |
| 14 | રાજપારડી-1-14 | જિતેન્દ્રભાઇ વસાવા (અનિલ) | ભાજપ | 2524 |
| 15 | રાજપારડી-2-15 | સોનલબેન વસાવા | ભાજપ | 1856 |
| 16 | રતનપોર-16 | નીલાબેન વસાવા | ભાજપ | 1991 |
| 17 | સારસા-17 | સરસ્વતીબેન વસાવા | ભાજપ | 2716 |
| 18 | સુલતાનપુરા-18 | ચંદુભાઇ વસાવા | ભાજપ | 1458 |
| 19 | તલોદરા-19 | વિઠ્ઠલભાઇ વસાવા | ભાજપ | 1979 |
| 20 | ઉચેડીયા-20 | સુભદ્રાબેન વસાવા | ભાજપ | 2302 |
| 21 | ઉમલ્લા-21 | મનિષાબેન વસાવા | ભાજપ | 1929 |
| 22 | વઘપુરા(દુ.)-22 | સંજયભાઇ વસાવા | ભાજપ | 1968 |